ગાંધીનગર સમાચાર

**જિલ્લાના કોંગી કાર્યકરો બળદગાડા-ઉંટલારીમાં અમદાવાદ રેલીમાં જશે**

# ગાંધીનગર સહિત રાજ્યભરમાં બે ત્રણ દિવસમાં વરસાદ આવશે : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૨૮

દક્ષિણ ભારતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. ત્યારે ગાંધીનગર સહિત રાજ્યભરમાં બે-ત્રણ દિવસમાં વરસાદ આવશે તેવી આગાહી ગાંધીનગરના નિષ્ણાંત હવામાન શાસ્ત્રી અંબારામભાઈ પટેલે કરી છે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામભાઈ પટેલે આગાહીમાં જણાવ્યું હતું કે ૨૭ જૂનથી બુધ મિથુન રાશીમાં પ્રવેશ થયો છે. આથી મંગળ માર્ગી થતા અને બુધ આદ્રા નક્ષત્રમાં આવતા ઢીલમાં પડેલ મેઘ સવારી આગળ વધશે. પરિણામે ગાંધીનગર સહિત રાજ્યભરના મોટા ભાગના વિસ્તારમાં વરસાદ પડશે. જ્યારે તા. ૨ થી ૧૧ જુલાઈ સુધીમાં સમગ્ર દેશમાં ચોમાસુ વિધિવધ જામશે. ચોમાસાના પગલે રાજ્યના મોટાભાગોમાં છ ઈંચથી વધુ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે કેટલાક વિસ્તારમાં અતિભારે વરસાદના સંજોગો પણ રહેલા છે.

ચોમાસાની શરૂઆતને બાદ કરતા વાવણીલાયક વરસાદ બાબતે ખેડૂતોએ થોડા દિવસો રાહ પણ જોવી પડશે. જૂનના અંતિમ અઠવાડિયામાં આદ્રા નક્ષત્રમાં પવન પડી જાય છે જેથી હાલ બફારો ઉકળાટ અને ભેજ વધી રહ્યો છે. આ ઋતુ પરિવર્તન થતા અને વાદળછાયા વાતાવરણ વચ્ચે આજે ગરમીનો પારો ૩૮.૫ ડિ.સે. નોંધાયો હતો.

ગરમીનો પારો છેલ્લા ત્રણ દિવસથી ઉંચકાતા બપોરમાં આકરો તાપ ફરી નાગરિકોને દઝાડી રહ્યો છે.

## શહેરમાં પારો પુનઃ ઉંચકાયો

શહેરના આકાશમાં વાદળછાયુ વાતાવરણ છવાઈ જતા ગરમીનો પારો ૩૫ ડિ.સે.ની આસપાસ નોંધાઈ રહ્યો છે. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો પુનઃ ઉંચકાતા પારો ૩૮.૫ ડિ.સે. નોંધાયો છે. જેને પગલે બપોરના સમયે આકરો તાપ ફરી રહિશોને દઝાડી રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૮.૫ અને લઘુત્તમ ૨૯ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે ભેજ સવારે ૬૮ ટકા અને સાંજે ૪૫ ટકા નોંધાયું હતું.

## પ્રશ્નોરા નાગર બેસણું



અમારા પૂ. પિતાશ્રી **જીતેન્દ્ર કાન્તિલાલ ભટ્ટ** તા. ૨૧/૬/૨૦૧૬, મંગળવારના રોજ સ્વર્ગવાસી થયેલા છે. **દિવંગતનું બેસણું તા. ૩૦/૬/૨૦૧૬, ગુરૂવારના રોજ સાંજના ૫-૩૦ થી ૭** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગુજરાત સીંધુધામ, સેક્ટર-૩૦, ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર. મો. : ૯૯૨૫૪૦૮૦૦૧, ૦૭૯-૨૩૨૬૧૬૫૩**

**મહાવીર ભટ્ટ - વૈશાલી ભટ્ટ** | **નિલકંઠ ભટ્ટ - જીપ્સી ભટ્ટ**
**પલ્લવી ઓઝા - પ્રતીક ઓઝા** | **મીનાક્ષી ભટ્ટ**
**સ્તુતી, શ્લોક, નીયતી, ઓમ, જૈશ્વ, જ્ઞાન**



સોહામણી સમી સાંજ - ઉનાળાની વિદાય અને ચોમાસાના આરંભનો સમયગાળો પ્રકૃતિના વૈભવને માણવાનો સમયગાળો છે... દિવસ અને રાતના અનુસંધાનને આપણે સમી સાંજ તરીકે ઓળખીયે છીએ... પણ આ સમી સાંજનું સૌંદર્ય વર્ષાના આરંભે વધુ સોહામણું લાગે છે... વાદળોની હિલચાલ અને સૂર્યનારાયણની સંતાકૂકડીની રમત આકાશમાં અનેરા દશ્યો નિર્માણ કરે છે... પ્રકૃતિનો આ વૈભવને માણવા માનવ પાસે સમય અને દૃષ્ટિ બંનેની આવશ્યકતા છે...

# ગાંધીનગર રેન્જની ચાર નર્સરીમાં રોપા ઉછેરમાં નોંધપાત્ર ઘટાડો

**ગત વર્ષ દરમિયાન ૨૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા હતા જયારે ચાલુ વર્ષે માત્ર ૬.૮૦ લાખ : રોપા દીઠ એક રૂપિયો મળે જેની સામે ઉછેર પાછળ ૧૫ ઘણો ખર્ચ : બજેટનો પણ અભાવ**

ગાંધીનગર તા ૨૮

ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ નવા આયામો વચ્ચે વૃક્ષ છેદનની પ્રવૃતિ વધતા ગ્રીન સીટી બેરન સીટી બનવા તરફ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે વન તંત્ર દ્વારા નર્સરી ખાતે થતી રોપા ઉછેરની કામગીરીમાં પણ નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ગત વર્ષની સાપેક્ષમાં રોપાઓના ઉછેરની સંખ્યામાં ત્રણ ગણો ઘટાડો થયો છે. ગત વર્ષ દરમિયાન રેન્જની ચાર નર્સરીમાં ૨૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા હતા. જયારે આ વર્ષે માત્ર ૬.૮૦ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. રોપા ઉછેરની પ્રવૃતિમાં ઘટાડા પાછળ તોતિંગ ખર્ચ જવાબદાર હોવાનુ પણ મનાઈ રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના કોંગી કાર્યકરો બળદગાડા-ઉંટલારીમાં અમદાવાદ રેલીમાં જશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આયોજિત મોંઘવારી વિરોધી દેખાવો અને સભામાં હાજરી આપવા આજે જિલ્લાના કોંગી આગેવાનો બળગાડા અને ઊંટગાડી સાથે અમદાવાદ ખાનપુર જે.પી. ચોક પહોંચશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ કૌશિક શાહ તેમજ જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે તપોવન સર્કલ ખાતે બધા કાર્યકરો આગેવાનો ભેગા થશે. આ પછી બધા બળદગાડા અને ઊંટલારીમાં બેસી વિસત પેટ્રોલ પંપ

● અનુસંધાન પાન-૭ પર

# રેતી-કાંકરીની ગ્રાન્ટ વિકાસ કામો માટે વાપરવા મંજૂરી આપોનો પ્રસ્તાવ લવાશે

**૩૦મીએ મળનારી સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી પ્રસ્તાવ રજુ કરાશે સરકાર રાજકીય દ્વેષભાવ રાખતી હોવાનો પણ આક્ષેપ કરતા પ્રમુખ**

ગાંધીનગર, તા. ૨૮

રેતી-કાંકરીની ગ્રાન્ટ એ જિલ્લાના વિકાસ માટે વાપરવાની છૂટ હોવી જોઈએ સરકારે લાદેલો પ્રતિબંધ ગેરકાયદે છે તેવી માંગ સાથે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ખાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

૩૦મી જૂનને ગુરૂવારે જિલ્લા પંચાયતની પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી સામાન્યસભામાં આ પ્રસ્તાવ અધ્યક્ષસ્થાનેથી લઈ આવવામાં આવશે.

અગાઉ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિએ પણ આ ગ્રાન્ટના ખર્ચનો અધિકાર સભ્યોને છે અને સરકારે આ માટે લાદેલો પ્રતિબંધ હટાવી લેવો જોઈએ તેવી માંગણી કરતો પ્રસ્તાવ પસાર કરી વિકાસ કમિશનરને મોકલ્યો હતો.

સરકાર દ્વારા વિવિધ જિલ્લા પંચાયતો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફથી રજુઆતો મળ્યા પછી આ માટે અધિકારીઓની સમિતિ બનાવી નવી નીતિ તૈયાર કરવાની સૂચના આપી છે.

નવી પંચાયતોની રચનાને છ માસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં હજુ આ અંગે કોઈ જ નવી નીતિ તૈયાર ન થતાં હવે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ અંગેનો પ્રસ્તાવ પસાર કરી ખર્ચ કરવાની મંજૂરી માંગવામાં આવશે.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના નજીકના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયત પરિષદે પણ રજુઆત કરી હતી પરંતુ સરકાર જે રીતે અન્યાય કરી રહી છે તેની સામે હવે આ પ્રસ્તાવ પસાર કરી રજુઆત કરવાનો ગાંધી ચિંધ્યા માર્ગે રાહ અપનાવવાનો નિર્ણય કરાયો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં સભ્યોને વિસ્તાર વિકાસની ગ્રાન્ટ જે રૂ. ૫ લાખ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ ઉવારસદને જ બસની સુવિધા નથી

**ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરને રજુઆત કરતા ગ્રામજનો નર્મદાનું પાણી પેયજળ તરીકે વાપરવા કલેક્ટરનો આગ્રહ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરની નજીક સરખેજ હાઈવે પર આવેલ ઉવારસદ ગામના રહીશોએ બસ-વ્યવહારની સેવાઓથી ગામને સાંકળવા માટેની ઉગ્ર રજુઆત જિલ્લા કલેક્ટરને કરી હતી.

આજે ઉવારસદ ખાતે યોજાયેલ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૫ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. આ ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં યુજીવીસીએલની સેવાઓને લઈ પણ ગ્રામજનોએ રજુઆત કરતાં જણાવ્યું હતુ કે સતત વીજપુરવઠો મળતો નથી એટલુ જ નહિ ગ્રામજનોની સ્ટ્રીટલાઈટ અંગેની ફરિયાદો ઉકેલવામાં તંત્ર સંપૂર્ણ ઉદાસીન વલણ દાખવી રહેલ છે.

ગ્રામજનોએ ગામમાં ઉભી થઈ રહેલી દબાણની સમસ્યા અંગે પણ કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું. આ ઉપરાંત ગ્રામ સફાઈ સાથે સંકળાયેલા કર્મચારીઓને ઓછુ વેતન મળતુ હોવાની ફરિયાદ પણ રજુ થઈ હતી.

વિધવા સહાયની અરજીના ફોર્મને લઈ પણ રજુઆત કરવામાં આવી હતી. ગામમાં પાણી માટે નવો ટ્યુબવેલ બનાવવાની મંજૂરીનો મુદ્દો પણ આ બેઠકમાં છવાયો હતો.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કરવામાં આવેલી રજુઆતોને સાંભળ્યા બાદ ગામમાં નર્મદાનું પાણી વાપરવા માટેનો આગ્રહ કર્યો હતો. તેમણે વિધવા સહાયની અરજીનો પણ ઝડપથી નિકાલ કરવાની ખાત્રી આપી હતી.

જિલ્લા કલેક્ટર પટેલે પ્રશ્નોને સમયબદ્ધ રીતે ઉકેલવાની ખાત્રી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર


www.cims.me

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World Class Practices

વિશ્વાસ
એક દિવસમાં કેળવાતો નથી.

ઉત્કૃષ્ટ સુવિધા અને અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ, CIMS નો ૧૦ માળ ધરાવતો – CIMS ઇસ્ટ બ્લોક (મલ્ટી-સુપર સ્પેશિયાલીટી) અને CIMS ખંભાતા લાઇનેક (રેડિયોથેરપી) સેન્ટર અને CIMS કેન્સર સેન્ટરનો શુભારંભ કરતા અમે ગૌરવ અનુભવી રહ્યા છીએ.




વિશાળ જગ્યા । વધુ સારી સુવિધા । ગુજરાતની શ્રેષ્ઠ ટેક્નોલૉજી અને ડૉક્ટરોની ટીમ

૧ લાખથી વધુ દાખલ દર્દીઓ | ૫ લાખથી વધુ દર્દીઓની સારવાર | ૩.૫ એકરની જમીન પર લગભગ ૫ લાખ સ્કવેર ફીટમાં તમામ પ્રકારની તબીબી સુવિધા ઉપલબ્ધ | ૨૦ વર્ષથી વધુનાં અનુભવ સાથે ગુજરાત-ભારતનું સૌથી વિશ્વસનીય જુનું મેડીકલ ગ્રૂપ

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઑપરેશન થિયેટર્સ.

CIMS KHAMBATTA LINAC CENTRE
CIMS ખંભાતા લાઈનેક (રેડિયોથેરપી) સેન્ટર અરીઝ ખંભાતા બેનીવોલેન્ટ ટ્રસ્ટની પહેલ
*(જરૂરિયાત વાળા દર્દીને ખુબ જ ઓછા ભાવે કેન્સરની રેડિયોથેરપી આપવામાં આવશે)

24x7 હેલ્પલાઇન +91 70690 00000 (સિત્તેર - છ - નવ અને છ "શુન્ય")
અપૉઇન્ટ્મેન્ટ્સ : (L) +91 79 3010 1200 / 1008, (M) +91 98250 66661, (E) opd.rec@cimshospital.org
એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : (M) +91 98244 50000 / 97234 50000
CIMS હોસ્પિટલ, શુકન મોલ પાસે, ઓફ સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦, ગુજરાત, ઈન્ડિયા
CIMS Hospital Pvt. Ltd. | CIN: U85110GJ2001PTC039962 | info@cims.me | CIMS Hospital India App on:



જાહેર આમંત્રણ







શ્રી મોટેશ્વરી માંતગી માતાજી મંદિર દ્વિતીય પાટોત્સવ
મોટેશ્વરી ભવન પેથાપુર

સુચિત કાર્યક્રમ

● તા.૨૯-૬-૨૦૧૬, બુધવાર જેઠ વદ-૯ ●
રાત્રે ૮.૦૦ થી ૧૨.૦૦ રાસ ગરબા
ગાયક કલાકાર : શ્રી રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ) ગાંધીનગર
રાત્રે ૧૨.૦૦ કલાકે ફેકર શો (આતશબાજી)

● તા.૩૦-૬-૨૦૧૬, ગુરૂવાર જેઠ વદ-૧૦ ●
સવારે ૬.૩૦ કલાકે માતાજીનો અભિષેક
સવારે ૮.૩૦ કલાકે માતાજીના શણગારની આરતી
સવારે ૯.૦૦ કલાકે માતાજીનો કેક
સવારે ૯.૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ
સવારે ૯.૪૫ કલાકે નામાભિકરણ
સવારે ૧૦.૩૦ કલાકે માતાજીના અન્નકુટની આરતી
બપોરે ૧.૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ
બપોરે ૧.૦૦ કલાકે ભોજન પ્રસાદ

નિમંત્રક
શ્રી મોટેશ્વરી કાંઠા જીલ્લા મોદી ચેરીટેબલ ટ્રસ્ટ, પેથાપુર


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com